ખ-૦ પાસેથી દારૂ-બિયરનો જથ્થો ભરેલી કાર ઝડપાઈ

રૂ. ૨.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને બે બુટલેગરોની પોલીસે ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૨૮

શહેરના ખ-માર્ગ પરથી અલ્ટો ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લવાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સેક્ટર-૭ પોલીસે વોચ ગોઠવીને ખ-૦ સર્કલ પાસેથી ગઈકાલે મોડી સાંજે દારૂ ભરેલી કાર ઝડપી લીધી હતી. દારૂ-બિયરનો જથ્થો મળીને રૂ. ૨.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને સે. ૭ પોલીસે બે બુટલેગરોની ધરપકડ કરી લીધી છે. દારૂ ક્યાંથી લાવ્યા હતા અને ક્યાં લઈ જવાઈ રહ્યો હતો તે સહીતની પુછપરછ પી.એસ.આઈ. વી.યુ. ગડરીયાએ શરૂ કરી છે.

ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ મથકના સિનિ. પી.આઈ. એ.એમ. પરમારને બાતમી મળી હતી કે શહેરના માર્ગોપૈકી કોઈ પણ એક માર્ગમાંથી અલ્ટો ગાડી નં. જીજે-૧૮-એ.એમ.-૬૨૩૦ માં વિદેશી દારૂ બિયરનો જથ્થા સાથે પસાર થવાની છે જેને આધારે ક-૦ થી ચ-૦ સર્કલ પર વોચ મુકાવી વાહનચેકીંગના આદેશ આપી દેવામાં આવ્યા હતા. દરમ્યાન ખ-૦ સર્કલ પાસેથી ઉપરોક્ત બાતમી વાળી અલ્ટો કાર પસાર થતા તે સર્કલે તૈનાત પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.યુ.ગડરીયા તથા તેમની ટીમે અલ્ટો કાર ઉભી રખાવી તપાસ કરી હતી. કારમાંથી ૧૩૦ નંગ વિદેશી દારૂની બોટલ (કિં. રૂ. ૫૨,૮૦૦) તથા ૧૨૦ નંગ બિયરના ટીન (કિં. રૂ. ૧૨,૦૦૦)નો દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. સે. ૭ પોલીસે દારૂ-બિયર તથા ગાડી મળીને રૂ. ૨,૧૪,૮૦૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે લઈ ગાંધીનગર નજીકના ઈસનપુર મોટા ગામના બે બુટલેગરો પ્રહલાદ અમરત ઠાકોર અને રાજુ રાણા ઠાકોરની ધરપકડ કરી લઈ સઘન પુછપરછ સરૂ કરવામાં આવી છે.

કે.જી. હાઈસ્કૂલ ચરાડાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ચરાડા ગામે આવેલી કે.જી. હાઈસ્કૂલ એન્ડ આર.જે. ચૌધરી હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થી રવિ ચૌધરીએ તાજેતરમાં રાષ્ટ્રકક્ષાની કુસ્તી સ્પર્ધામાં ગુજરાતની ટીમમાંથી ભાગ લઈને ગામનું તથા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

હરિયાણાના સોનીપત ખાતે યોજાયેલી રાષ્ટ્રકક્ષાની પાયકા કુસ્તી સ્પર્ધામાં ચરાડાના રવિ ચૌધરીએ ગુજરાતની ટીમમાંથી ભાગ લઈને ગામનું તથા જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું. ખેલાડીને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. શાળાના આચાર્ય બાબુભાઈ ચૌધરીએ ખેલાડીનેઆ પ્રસંગે અભિનંદન પાઠવ્યા હતા.

વિવિધ સંસ્કૃતિનો કુંભ એટલે સાંસ્કૃતિ કુંજ

ગાંધીનગર, તા. ૨૮

વસંતઋતુનુંઆગમન થતાની સાથે જ પાટનગર ગાંધીનગર પાસેથી પસાર થતી સાબરમતી નદીના કોતરમાં દર વર્ષે યોજાતા વિવિધ સંસ્કૃતિના સમનવય સમા 'સાંસ્કૃતિ કુંજ મેળા'નો પ્રારંભ થઈ ચૂક્યો છે. સાંસ્કૃતિ કુંજમાં યોજાતા અને વિવિધ સંસ્કૃતિની ઝાંખી કરાવતા સાંસ્કૃતિ કાર્યક્રમો અને ત્યાંની કલાકૃતિ નિહાળવા મોટી સંખ્યામાં મુલાકાતીઓ પધારી રહ્યા છે.

દર વર્ષે દસ દિવસ દરમિયાન યોજાતા આ ભિન્ન ભિન્ન સંસ્કૃતિના સમનવય સમા 'સાંસ્કૃતિ કુંજ મેળા'માં દેશના અનેક રાજ્યોના કલાકારો અહીં પધારે છે. અને પોતાના રાજ્યની કલા સંસ્કૃતિના નૃત્ય અને નાટકો દ્વારા દર્શન કરાવે છે. જેને નિહાળવા રાજ્ય ઉપરાંત અન્ય પ્રદેશોમાંથી મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી રહ્યા છે. કલાકારો દ્વારા પણ સુંદર કાર્યક્રમો રજૂ કરવામાં આવી રહ્યા છે. જેને નિહાળી લોકો પણ મંત્રમુગ્ધ થઈ રહ્યા છે.

સાંસ્કૃતિકુંજમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે-સાથે અલગ-અલગ પ્રદેશોમાંથી આવેલા હસ્તકલા કારીગરોએ માટી, શણ, કાપડ, ચામડુ વગેરે ચીજવસ્તુઓમાંથી બનાવેલ અનેક બેમૂન નમૂનાઓ રજૂ કર્યા છે. જેને ખરીદવા લોકો પણ ઉમટી રહ્યા છે. મેળામાં વિવિધ અને અવનવી ચીજવસ્તુઓ તેમજ ખાણી પીણી બજાર સવનું આકર્ષણ ખેંચી રહ્યું છે.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાતની કાર્યવાહક સમિતિની બેઠક સંપન્ન

ગાંધીનગર, તા. ૨૮

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરના મહામંત્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં કાર્યવાહક સમિતિની બેઠક મળી હતી. જેમાં સૌ પ્રથમ સ્વ. નટવરલાલ પરમારને શ્રદ્ધાંજલિ આપી સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તાનો અભાવ હોવાથી દલિત અને અન્ય કોમોના બાળકોને પાયામાંથી ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવામાંથી વંચિત રહી જાય તથા મનરેલાની દલિત સ્ત્રીઓને યોજનાનો લાભ ન મળતો હોવાથી તે બાબતે પગલાં લેવા મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવા જરૂરી ચર્ચાવિચારણા કરવામાંઆવી હતી.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિયેશન ગુજરાત ગાંધીનગરની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ શ્રી ભાનુકાન્ત પી.પરમારના અધ્યક્ષસ્થાને તા. ૨૦-૨-૨૦૧૩ના રોજ, આંતરિક ઓડીટર શ્રી પી.જે. રાઠોડના સે. ૨૭ ખાતેના નિવાસસ્થાને સંપન્ન થઈ.

સભાની શરૂઆત પહેલા, સંસ્થાના સભ્ય શ્રી નટવરલાલ કે. પરમાર, સે. ૭-બીના દુઃખદ નિધન બદલ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી, ત્યારબાદ સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. સંસ્થાના મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા ગત બેઠકની કાર્યવાહી નોંધનું વાંચન કરવામાં આવ્યું, જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. ત્યારબાદ અગાઉ લેવાયેલ નિર્ણયો અન્વયે કરવામાં આવેલ

● અનુસંધાન પાના-૭ પર

સફાઈ કામદારોના હોદ્દેદારોએ કમિશનરની લીધેલી સૌજન્ય મુલાકાત

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનના હોદ્દેદારોએ તાજેતરમાં મ્યુનિસિપલ કમિશનર એમ.એ. પડાલીયાની મુલાકાત લીધી હતી અને પ્રશ્નોની ચર્ચા કરી હતી.

મંડળના હોદ્દેદારોએ પાર્ટ ટાઈમ સફાઈ કામદારોને કાયમ કરવા, મરેલા પ્રાણીના નિકાલ માટે, કાયમી કર્મચારીના ઉચ્ચતર પગાર ધોરણ ૧૨-૨૪ આપવા તથા પાર્ટ ટાઈમ કર્મચારીને પગાર સ્લીપ આપવા અને સફાઈ કામદારને રહેણાંક માટે મકાન ફાળવવા અંગેની રજૂઆત કરી હતી. કમિશનરે સૌને સહાનુભૂતિ દર્શાવી પ્રશ્નોના નિકાલ કરવાની બાંહેધરી આપી હતી.

જાહેરમાં દારૂની મહેફીલ માણતા ચાર નબીરાઓ ઝડપાયા

કોબામાં એલ.સી.બી.એ દરોડો પાડી ૬.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ ચારેયની ધરપકડ કરી : દારૂની બોટલ, બે ભરેલી બીયરના ટીન અને ૪ ખાલી ટીન મળ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ હાઈવે પર સ્થિત કોબા ગામની સીમમાં ખુલ્લેઆમ ખેતરમાં નબીરાઓએ દારૂની મહેફીલ જમાવી હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે દરોડો પાડીને ૩ કોબાના અને એક અમદાવાદના મળીને ચાર શખ્સોને મહેફીલ માણતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. એક વ્હીસ્કી, બે બિયરના ભરેલા ટીન અને ચાર ખાલી ટીન પણ ત્યાંથી મળી આવ્યા હતા. પોલીસે બે ગાડી, બે બાઈક તથા રોકડ મળીને રૂ. ૬.૫૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચારેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. એલ.જી. પરમારને ગઈકાલે સાંજે બાતમી મળી હતી કે કોબા ગામની સીમમાં મંદીરીયા ખેતરની પાસેની ખુલ્લી જગ્યામાં નબીરાઓ દારૂ-બિયરની મહેફીલ માણી રહ્યા છે. જેને આધારે એલ.સી.બી. પી.એસ.આઈ. ઉત્સવ બારોટ અને વાય.જે. રાઠોડ તેમના સ્ટાફના માણસો સાથે બાતમીવાળા સ્થળે પહોંચી ગયા હતા અને દરોડો પાડીને દારૂ-બિયરની મહેફીલ માણી રહેલા ચારેય નબીરાઓને ઝડપી પાડ્યા હતા. સ્થળ પરથી એક વ્હીસ્કીની બોટલ ઉપરાંત બે નંગ બિયરના ભરેલા ટીન, ૪ નંગ ખાલી ટીન પણ મળી આવ્યા હતા. જે પોલીસ દ્વારા કબ્જે લેવામાં આવ્યા છે. પોલીસે નબીરાઓની વર્નાકાર, અલ્ટો કાર ઉપરાંત બે બાઈક તથા રૂ. ૫ હજાર રોકડા મળીને રૂ ૬,૫૫,૦૦૦ના મુદ્દામાલ સાથે ચારેય શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે. પોલીસે કોબા ગામનાં રાજુ રામા પટેલ, મનોજ ગોવિંદ પટેલ, અનિલ સોમા પટેલ તથા અમદાવાદના નલીન ઓમપ્રકાશ સોનીની ધરપકડ કરી મહેફીલનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વનચેતના ગાંધીનગર ખાતે વનપાલ તરીકે સેવા બજાવતા રણજીતસિંહ વાઘેલા વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય વનસંરક્ષક ગાંધીનગર વર્તુળના ટી.આર.એમ. પ્રસાદ, નાયબ વનસંરક્ષક ગાંધીનગરના ભાવિન વ્યાસ, આર.એફ.ઓ. બોરીજના વી.વી. ઠાકોર, આર.એફ.ઓ. કલોલના ભરત સોલંકી, ઊર્જા આર.એફ.ઓ. એ.જે. દેસાઈ સહિત સર્કલ-૧ ડિવિઝન કચેરી, ગાંધીનગર અને બોરીજ ઊર્જા રેન્જના ઓફિસ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

બાઈક સ્લીપ થતા ઘવાયેલા આધેડનું સારવારમાં મૃત્યુ

એક મહિનાથી દોલારાણા વાસણાના ઈજાગ્રસ્ત આધેડ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા હતા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીકના દોલારાણા વાસણા ગામમાં રહેતા ૪૭ વર્ષિય આધેડ ૧લી ફેબ્રુઆરીએ સવારના સુમારે બાઈક લઈને જઈ રહ્યા હતા તે દરમ્યાન બાઈક સ્લીપ ખાતા ગંભીર રીતે ગવાયા હતા. એક મહિનાથી આઈ.સી.યુ.માં દાખલ આધેડનું આજે સવારે સારવાર દરમ્યાન અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. ચિલોડા પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધીને તપાસ આરંભી છે.

ગાંધીનગર પાસે આવેલા દોલારાણા વાસણા ગામમાં રહેતા ૪૭ વર્ષિય વિક્રમસિંહ પ્રતાપસિંહ રાઠોડ ૧લી ફેબ્રુઆરીએ સવારે ૯ વાગે પોતાનું બાઈક લઈને જઈ રહ્યા હતા તે દરમ્યાન અચાનક તેમનું બાઈક રસ્તા પર સ્લીપ ખાઈ જતાં વિક્રમસિંહ ફંગોળાઈને પટકાયા હતાં. આ અકસ્માતમાં તેમને ગંભીર ઈજાઓ થતા એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. ૭મી ફેબ્રુઆરીએ તેમને અર્ધબેભાન હાલતમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરીને આઈસીયુ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. એક મહિનાથી જીવન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહેલા વિક્રમસિંહનું આજે સવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજ્યું છે. ચિલોડા પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટન માટે મોકલીને ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

આરાધના કોલેજના સ્ટુડન્ટની હત્યા કેસમાં આરોપીને આજીવન કેદ

ઝઘડાની અદાવત રાખી રૂમ પાર્ટરને ચાલુ પરીક્ષા માર મારી છરીના ઘા ઝીંકી દીધા હતા

ગાંધીનગર, તા. ૨૮

સે. ૨૮ સ્થિત આરાધના પી.ટી.સી. કોલેજમાં કોમ્પ્યુટરની ચાલુ પરીક્ષા દરમિયાન અગાઉના ઝઘડાની અદાવત રાખી છરીના ઘા ઝીંકીને એકને મોતને ઘાટ ઉતારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર તા. ૭ માર્ચ વર્ષ ૨૦૧૧ના રોજ સે. ૨૮ સ્થિત આરાધના પી.ટી.સી. કોલેજમાં કોમ્પ્યુટર વિષયની પરીક્ષા યોજાઈ હતી. આ દરમિયાન પી.ટી.સી. કોલેજની હોસ્ટેલમાં રહેતા આરોપી આસીફ હાફીઝભાઈ સિપાઈ (રહે. જીત કોસંબા જિ. દાહોદ)એ ચાલુ પરીક્ષા દરમિયાન હસમુખ વચ્છાર નામના વિદ્યાર્થી પર હૂમલો કર્યો હતો. ચાર માસ અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી હોસ્ટેલના રૂમ નં. ૨૧માં રહેતા હસમુખભાઈને આરોપીએ માર મારી છરીના ઘા ઝીંકી દીધા હતા. આરોપીએ તેમના શરીર પર કુલ ૧૯ ઈજાઓ પહોંચાડી મોત નિપજાવ્યું હતું. આ મામલે સે. ૨૧ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી. વ્યાસે દલીલો કરી હતી. તેમણે કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે સમાજમાં દિનપ્રતિદિન ખૂનના ગુનાનું પ્રમાણ વધી રહ્યું છે. આરોપીએ મારી નાંખવાના ઈરાદાથી હૂમલો કર્યો હતો. મરનાર કોઈ ગરીબ આદીવાસી પરિવારના હતા. તેમણે આરોપીને સક્ષમ સજા કરવા જણાવ્યું હતું. દસ્તાવેજી પુરાવાઓ તેમજ સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ જજ એમ.કે. બક્ષીએ આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે અને આરોપીને રૂ. ૫ હજારનો દંડ ભોગવવા હૂકમ કર્યો છે.

માર્ગ વચાળે સ્થિત સર્કલો આસપાસના કોર્નર કંગાળ

દબાણો અને ગંદકીની સમસ્યા હલ કરવા સર્કલોના ચારે ખૂણા વિકસાવાશે

ગાંધીનગર, તા.૨૮

શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલોને વિકસાવવાના આયોજન બાદ સર્કલોની આસપાસના કોર્નરને ડેવલપ કરવાનું આયોજન વિસરાઈ ગયું છે. શહેરમાં સ્થિત ૨૬ પૈકી ૨૦ જેટલા સર્કલોને વિવિધ થીમ આધારિત વિકસાવી દેવાયા છે પરંતુ સર્કલો આસપાસના કોર્નર હજુ પણ કંગાળ હાલતમાં છે.

શહેરના વિવિધ સર્કલોને વિકસાવવા વર્ષો પૂર્વે તંત્ર દ્વારા ખાનગી સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી હતી જયારે સર્કલ વિકાસની આ યોજના અન્વયે સર્કલો આસપાસના કોર્નરો વિકસાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ સર્કલોની સાથે કોર્નરો તરફ ધ્યાન ન અપાતા દબાણ અને ગંદકી સહિતના પ્રશ્નો ઉદભવ્યા છે. શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા તંત્ર દ્વારા નવતર આયોજન કરવામાં આવી રહ્યું છે. બાકી રહેતા પાંચ સર્કલોને વિકસાવવા પણ ખાનગી સંસ્થાઓને જવાબદારી સોંપવા નિર્ણય લેવાયો છે. ત્યારે સર્કલોની ચારે તરફના ખૂણાઓ વિકસાવવાની યોજના વિસરાઈ ગઈ છે. જો કે આગામી દિવસોમાં વિવિધ સંસ્થાઓને સર્કલો સહિત આસપાસના કોર્નરો વિકસાવવા પણ તંત્ર કક્ષાએથી સૂચના આપવા વિચારણા હાથ ધરવામાં આવી છે. શહેરના ચ-૫ સર્કલ પાસેઆસપાસના કોર્નરને વિકસિત કરાયો છે. શહેરની રોનક સમાન સર્કલો આસપાસ દબાણો અને ગંદકી ન થાય તે માટે કોર્નર ડેવલપ કરવાનું આયોજન કરવાની પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

આજે શિવમહાપુરાણમાં કુબેર કથા ગાન થશે

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨માં આવેલા રંગમંચ પાછળના નવરાત્રી, મેદાનમાં પ્રારંભાયેલા શિવ મહાપુરાણ કથામાં સંજયભારતી ગોસ્વામી આજે કુબેર દેવની કથાનું શ્રવણ ભકતજનોને કરાવશે. શિવકથામાં સેક્ટર-૨૨ શોપિંગ સેન્ટર અને યુવાન મિત્ર મંડળ દ્વારા સૌ ભકતજનોને મહાપ્રસાદનો લાભ અપાશે. શિવમહાપુરાણકથામાં સૌ ભકતજનોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

સમર્પણ કોલેજનો ૧૭મો વાર્ષિકોત્સવ આજે ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગાંધીનગરનો સત્તરમો વાર્ષિકોત્સવ વિધાનસભા વિપક્ષ નેતા શ્રી શંકરસિંહજી વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાશે. અતિથિવિષેષ પદે ડૉ. કિશોરસિંહ સોલંકી કેમ્પસ ડાયરેક્ટર સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ઉપસ્થિત રહેશે. તા. ૧લી માર્ચના સવારે સાડા નવ વાગે કોલેજમાં યોજાશે. ડૉ. જે.એસ. પ્રજાપતિ આચાર્યશ્રી, અશ્વિન ગઢાધરા, વિદ્યાર્થી પ્રતિનિધિ મઝીના કુરેશી વિદ્યાર્થિની પ્રતિનિધિએ જણાવેલ છે.

રાંધેજા ગામે સંતવાણી અને ડાયરાનો રજીએ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૮

આશાપુરા મિત્ર મંડળ રાંધેજા દ્વારા તા. ૨ માર્ચ ૨૦૧૩ને શનિવારે રાત્રે ૯.૩૦ કલાકે રમેશ પ્રજાપતિ, દમયંતિ બારોટ અને મહેન્દ્રસિંહ બાપુ-હાસ્ય કલાકારના સાથી મિત્રો દ્વારા સંતવાણી અને ડાયરાનો કાર્યક્રમ યોજાશે. જૂના ચોરા પાસે, રાંધેજા, તા.જિ. ગાંધીનગર ખાતે યોજાનાર સંતવાણી અને ડાયરાના કાર્યક્રમમાં સૌ સ્નેહીજનો અને ભકતજનોને ઉપસ્થિત રહેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ફ્રી ચેક અપ કેમ્પનું ઉજીએ આયોજન

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ ડૉ. હાર્દિક તલાટીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ટ્રસ્ટ દ્વારા તા. ૩જી માર્ચને રવિવારે સેક્ટર-૨૨ રંગમંચ, નવરાત્રિ ચોક, શિવકથા મંડપેફ્રી ચેકઅપ કેમ્પ યોજાશે.

ઓર્થોપેડિક ફિઝીયો થેરાપિસ્ટ, ડેન્ટલ અને નાક, કાન, ગળાના નિષ્ણાત ડૉક્ટર ખાસ હાજર રહી દર્દીઓની તપાસ કરશે. સાથે સાથે બી.પી., ડાયાબિટીસ અને બી. એમ. આઈ. ચેકઅપ ફ્રી કરી આપવામાં આવશે. એમ શિવકથા સમિતિ અને નવરાત્રિ મહોત્સવ સમિતિએ સંયુક્ત યાદીમાં જણાવ્યું છે.

શ્રી ગોવર્ધનનાથજીનો ૨૧મો પાટોત્સવ યોજાશે

વલ્લભ મેમોરીયલ ટ્રસ્ટ અને ગાંધીનગર વૈષ્ણવ સમાજના ઉપકમેશ્રી ગોવર્ધનનાથજી પ્રભુના એકવીસમા પાટોત્સવ નિમિત્તે પ.પૂ. ગોસ્વામી ૧૦૮ ઈન્દિરા બેટીજી મહોદયની અધ્યક્ષતામાં હવેલી મંદિર સેકટર-૨૧માં તા. ૪ અને પમી માર્ચના રોજ પાટોત્સવ પર્વની ઉજવણી કરવામાં આવનાર છે. તા.૪થી માર્ચના રોજ રાજભોગ બપોરે ૧૨ વાગે ફૂલફળનો મનોરથ સાંજે સવા છ વાગે યોજાશે. તા. પમી માર્ચના રોજ નંદ મહોત્સવ, તિલક દર્શન-રાજભોગ પ.પૂ. આચાર્ય ચરણના વચનામૃત યોજાશે. ઉત્થાપન/સંધ્યા આરતી ભીતરમાં થશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪
સૂર્યાસ્ત : ૬.૨૬

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૨૯ ટકા

મનોરંજન

સિને મેટ્સ

: સ્ક્રીન-૧ :
જક્સ ધ ગેંઈન્ટ સેલર-૩ડી (હિન્દી) : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦
એ ગુડ ડેય ટુ ડાઈ હાર્ડ (હિન્દી) : ૫.૦૦

: સ્ક્રીન-૨ :
કાઈ પો છે : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦
આઈ મી ઓર મેંઈન : ૮.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૩ :
ધ એંટેફ્સ ઑફ ૨૬/૧૧ : ૧૦.૧૫
આઈ મી ઑર મેંઈન : ૧૨.૪૫, ૩.૦૦
જિલ્લા ગાઝીયાબાદ : ૫.૧૫
કાઈ પો છે : ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
આઈ મી ઑર મેંઈન : ૧૦.૦૦
ધ એંટેફ્સ ઑફ ૨૬/૧૧ : ૧૨.૧૫, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

જિલ્લા ગાજીયાબાદ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હા હું દિકરીનો બાપ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :
ડાઈ હાર્ડ-૫ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
મર્ડર-૩ : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
જયંતાભાઈકી લવ સ્ટોરી : ૧૨.૪૫, ૫.૧૫

વિરાગ, કલોલ

નામ છે મારું ગંગા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

● પેથાપુરમાં અંબા મંડળ દ્વારા નવા રામાપીર મંદિરે સંજીવની હોસ્પિટલ સામે બપોરે ૨.૦૦ કલાકે આનંદનો ગરબો યોજાશે.

આપની આજ

મેષ : આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે. સમય શુભ.

વૃષભ : વિશેષ પ્રયત્નથી કરવામાં આવેલા કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. તમને તમારા શોખ પૂરા કરવા માટેની પૂર્ણ તકો પ્રાપ્ત થઈ શકશે. નોકરીમાં સ્થિતિ સામાન્ય રહે તેવી શકયતાઓ છે.

મિથુન : ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે, નવા સંબંધ બંધાશે.

કર્ક : જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે. તત્સંબંધમાં બહારના ક્ષેત્રોથી મદદ મળશે.

સિંહ : કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

કન્યા : અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે. માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય. કાર્યોમાં વિલંબ થવાની સંભાવના છે .

તુલા : આપના દ્વારા વિવેકના વિપરિત કાર્ય થવાને કારણે હાનિ થઈ શકે છે. અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. સગા- સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવનાઓ છે. વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી. કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી.

ધન : કાર્યોમાં નવીન સમસ્યાઓ આવવાની શકયતાઓ છે. જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું. નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહેશે.

મકર : માનસિક સંતોષ થતાં પ્રસન્નતા પ્રાપ્ત થશે. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. સુખદ યાત્રાનો યોગ બની રહ્યો છે.

કુંભ : સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. આર્થિક સ્થિતિ સુદૃઢ બનશે.

મીન : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા-પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. સત્સંગ થશે.

ચિરવિદાય

- સ્વ. લસીબેન ગુલાબસિંહ ઠાકોર (ઉ.વ. ૩૮) મુ.પો. જીવરાજના મુવાડા, તા. દેહગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રેમકુમારી બસંતકુમાર મિશ્રા (ઉ.વ. ૮૮) બંગલા નં. ગ-ટાઈપ, સેકટર-૯, ગાંધીનગર.
- સ્વ. તખુજી ભવાનજી ઠાકોર (ઉ.વ. ૬૧) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અમરસિંહ મેરામણભાઈ ઝાલા (ઉ.વ. ૮૫) પ્લોટ નં. ૧૫૪૦/૧, સેકટર-૩/સી, ગાંધીનગર.
- સ્વ. દીવાબેન નાથાજી ઠાકોર (ઉ.વ. ૬૫) મુ.પો. ચાંદીસણા, તા. કલોલ, જિ. ગાંધીનગર.